ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ઓટો-શોમાં મોંઘાદાટ સ્પોર્ટી બાઈક આકર્ષણનું કેન્દ્ર





મહાત્મા મંદિર ખાતે આજથી શરૂ થયેલા ઓટો શૉ ૨૦૧૪માં અવનવી કાર્સની સાથે સ્પોર્ટી બાઈકના વિવિધ મોડેલ્સ પણ યુવા વર્ગ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ટ્રમ્ફ કંપનીના ડીલર હીરેન તલાટીએ આ પ્રદર્શનમાં કંપનીના વિવિધ બાઈક ડીસ્પલેમાં મુકયા છે. જેમાં લંડનની આ કંપનીના અલગ અલગ સેગમેન્ટ આર્કષણનું કેદ્ર બન્યા છે. એડવેન્ચર, રોકેટ-૩, કલાસિક, રોડસ્ટર, ક્રુઝર સહીતના હેવી બાઈકની રેન્જ પણ ઓટો શૉના પ્રદર્શનમાં નિહાળવા નાગરિકોની ભીડ ઉમટી હતી. રૂ. ૭ થી ૨૫ લાખની કિંમતના આ બાઈક ૧૭૫થી ૨૩૦૦ સી.સી.ના હોવાનું પણ તેમણે જણાવ્યું છે. અત્યંત તેજ ગતિએ દોડી શકતા આ બાઈકનું ગુજરાતમાં પણ વિશેષ વેચાણ થાય છે. છેલ્લા ૮ મહિનામાં રાજયમાં ૬૦ જેટલા બાઈકનું વેચાણ થયું છે.

## મારૂતિનો બહુચરાજી સ્થિત પ્લાન્ટ ૨૦૧૭માં શરૂ થશે

### મહાત્મા મંદિર આતે આજથી ઓટો શૉ-૨૦૧૪નો પ્રારંભ : ટાટા મોટર્સના નવા મોડેલ બજારમાં આવશે : ભારતના ઓટો ઉદ્યોગ માટે મુશ્કેલીનો સમય સરકારના પ્રયાસના અંતે ઉદ્યોગની માંગ વધશે : રણધીરસિંહ કાલસી

ગાંધીનગર, તા.૨૮

ભારતનો ઓટો ઉદ્યોગ મુશ્કેલીના સમયમાંથી પસાર થઈ રહ્યો છે પરંતુ સરકાર દ્વારા નવા પ્રોજેકટો શરુ કરવામાં આવી રહ્યા છે. જેથી આગળ જતા ઓટો ઉદ્યોગની માંગમાં વધારે થશે. મારૂતિ બહુચરાજી ખાતેનો પ્લાન્ટ આગામી વર્ષ ૨૦૧૭માં શરૂ કરાશે તેમ આજે ઓટો શૉ ગુજરાત-૨૦૧૪ના પ્રારંભે ઉપસ્થિત મારૂતિ સુઝુકી ઈન્ડિયા લી.ના એકિઝકયુટીવ ડાયરેકટર રણધીરસિંહ કાલસીએ જણાવ્યું હતું. આ ત્રિ દિવસીય પ્રદર્શનમાં દક્ષિણ કોરીયાએ પાર્ટનર કન્ટ્રી તરીકે ભાગ લીધો છે. આ પ્રદર્શનમાં ઓટો ક્ષેત્રની મારૂતિ, હુન્ડાઈ, ફિલિપ્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બી.એમ. ડબલ્યુ, ટાટા મોટર્સ અને રોલ્સ રોય સહીતની અગ્રણી કંપનીઓએ ભાગ લીધો છે.

ગાંધીનગર-સ્થિત મહાત્મા મંદિર ખાતે આજે કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (સીઆઈઆઈ) દ્વારા ઈન્ડસ્ટ્રિઅલ એક્સ્ટેન્શન બ્યુરો (ઈન્ડેક્સ્ટ બી)ના સહયોગથી ઓટો શો ગુજરાત ૨૦૧૪નો પ્રારંભ થયો હતો. આ ત્રણ દિવસીય પ્રદર્શનમાં દક્ષિણ કોરિયા પાર્ટનર કન્ટ્રિ તરીકે ભાગ લઈ રહ્યું છે.

નેશનલ ઓટોમોટિવ ટેસ્ટિંગ એન્ડ આરએન્ડડી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ (એનએટીઆરઆઈપી)ના સીઈઓ આઈએએસ શ્રી નિતીન આર. ગોકાર્ન, ઓટોમોટિવ રિસર્ચ એસોસિયેશન ઓફ ઈન્ડિયાના ડાયરેક્ટર રશ્મિ ઉધ્વાર્શિ, ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ ઈન કોરિયા (આઈસીસીકે)ના સેક્રેટરી જનરલ એડવર્ડ ચાંગ, મારૂતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર રણધીર સિંહ કાલસી, સીઆઈઆઈની ઓટો ઉદ્યોગ માટેની ગુજરાત ખાતેની પેનલના ચેરમેન તથા ટાટા મોટર્સના પ્લાન્ટ હેડ (સાણંદ) હેમંત કુલકર્ણી તથા ઓટો ક્ષેત્રના મહાનુભાવો આજે યોજાયેલા આ ટ્રેડ શોના ઉદ્‌ઘાટન સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા.

ઓટો શોના ઉદ્‌ઘાટન પછી પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી એડવર્ડ ચાંગે જણાવ્યું હતું કે કોરિયાની ઓટો ક્ષેત્રની કંપનીઓ ભારતના બજારમાં રહેલી તકોને ઝડપી લેવા

● અનુસંધાન પાન-૭ પર

## પેટ્રોલ-ડીઝલમાંથી હાઈબ્રીડ ઈલેકટ્રીક કારનો પ્રોજેકટ!

### પ્રોજેકટને પરિણામલક્ષી બનાવવા માત્ર પાંચ કલાક જેટલો સમય

ઓટો શૉ ગુજરાત-૨૦૧૪માં મારૂતિ અને હુંડાઈથી લઈ બીએમ ડબલ્યુ જગુઆર લેન્ડ રોવર સહીતની કંપનીઓએ ભાગ લીધો છે. જયારે પેટ્રોલ અને ડીઝલથી ચાલતી કારને હાઈબ્રીડ ઈલેકટ્રીક કારમાં કનવર્ટ કરવા રીસર્ચ સંદર્ભે એ.ડી. પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી દ્વારા પ્રોજેકટ રજુ કરાયો છે.

સંસ્થાના ડૉ. સુધીર ગુપ્તાએ રીસર્ચ કરીને આ પ્રોજેકટ તૈયાર કર્યો છે. જે મુજબ પેટ્રોલ અને ડીઝલ કારને ઈલેકટ્રીકથી સંચાલિત કરવામાં આવે છે. આ પ્રોજેકટને પરિણામલક્ષી બનાવવા માત્ર પાંચ કલાક જેટલો સમય લાગે તેમ છે. ડૉ. ગુપ્તાએ વધુમાં જણાવ્યું હતું કે આ માટે સ્પેશિયલ કીટ તૈયાર કરવામાં આવી છે. તેનો ખર્ચ ૮૦ હજારથી ૧ લાખ જેટલો થાય છે. આ કાર ૬૦ કી.મી. પ્રતિ કલાકની ગતિએ દોડી શકે છે.

## રીવરફ્રન્ટથી મહાત્મા મંદિર બાઈક રેલી યોજાશે

મહાત્મા મંદિર ખાતે આજથી ઓટો શૉ ગુજરાત ૨૦૧૪નો પ્રારંભ કરવામાં આવ્યો છે. ઓટો શૉ અન્વયે અન્ય કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૨૯ નવેમ્બરના રોજ બપોરે ૪ કલાકે રોડ શૉ યોજવામાં આવશે. આ ઉપરાંત પ્રદર્શનના છેલ્લા દિવસે સવારે ૮ કલાકે બાઈક રેલી યોજવામાં આવશે. અમદાવાદ રીવરફ્રન્ટથી મહાત્મા મંદિર સુધી બાઈક રેલી નીકળશે.

## વાઈબ્રન્ટ દરમિયાન પાંચ હજાર પોલીસ સ્ટેન્ડ ટુ રહેશે

### પોલીસ અધિકારીઓને હોટલો અને ગેસ્ટહાઉસમાં રૂમ અપાશે જ્યારે અન્ય કર્મચારીઓને પાર્ટી પ્લોટ અને રંગમંચમાં રાતવાસો કરવો પડશે

ગાંધીનગર, તા. ૨૮

આગામી જાન્યુઆરી મહીનામાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટમાં દેશ-વિદેશના મહાનુભાવો ગાંધીનગરના આંગણે ઉપસ્થિત રહેવાના હોવાથી સુરક્ષા અને સલામતીનો મામલો મુખ્ય બન્યો છે. આવા સંજોગોમાં વી.વી.આઈ.પી. મહાનુભાવોની સલામતીને અનુલક્ષી સમગ્ર શહેરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાશે. બંદોબસ્તમાં અંદાજિત ૫ હજાર પોલીસ અધિકારી-કર્મચારીઓનો કાફલો સ્ટેન્ડ ટુ રહેશે.

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સરકારીતંત્ર તડામાર તૈયારીમાં વ્યસ્ત છે. વાઈબ્રન્ટને લઈ

● અનુસંધાન પાન-૭ પર

## દલિત સાહિત્યકારો-પત્રકારોને એવોર્ડ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લાના દહેગામના મહેન્દ્રભાઈ રણછોડભાઈ વોરાને મહાત્મા ફુલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ જાહેર કરાયો છે. તાજેતરમાં જાહેર થયેલા દલિત એવોર્ડમાં છ કેટેગરીમાં દલિત સાહિત્યકારો અને પત્રકારોની એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.

વર્ષ ૨૦૧૩-૧૪ માટે ડૉ. બાબા સાહેબ આંબેડકર એવોર્ડ નરસિંહભાઈ ત્રિકમલાલ વોરા અમદાવાદને અર્પણ કરાશે. જેમાં તેઓને એક લાખ રૂપિયા અને પ્રશસ્તિપત્ર અર્પણ કરાશે જયારે મહાત્મા ગાંધી એવોર્ડ શ્રી ઉગમ એજયુકેશન ટ્રસ્ટ-જિ. સાબરકાંઠા, સંતશ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ શ્રી વિનોદચંદ્ર ત્રિકમભાઈ ગાંધી ભુરાવાવ-ગોધરાને, સાવિત્રીબાઈફુલે દલિત મહિલા કલા/સાહિત્ય એવોર્ડ શ્રીમતી માધુરીબેન પંકજભાઈ મકવાણા, જોરાવરનગર, જિ. સુરેન્દ્રનગરને મહાત્મા ફુલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ શ્રી મહેન્દ્રભાઈ રણછોડભાઈ વોરા-દહેગામ ગાંધીનગરને તથા દાસી જીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્ય કૃતિ એવોર્ડ શ્રી ભીખાભાઈ મૂળજીભાઈ વેગડા, ધોળકાને તેમની શ્રેષ્ઠ દલિત સાહિત્યકૃતિ ગુજરાતી દલિત સાહત્ય માટે અર્પણ કરાશે તેવી જાહેરાત કરવામાં આવી છે.





વિવાદાસ્પદ દબાણ હટાવાયા - વાયબ્રન્ટ સમિટની પગલે આજકાલ ગાંધીનગરમાં દબાણ અને ગંદકી હટાવવાની કામગીરી જોરશોરથી ચાલે છે... નગરના હાર્દસમા પથિકાશ્રમ વિસ્તારમાં વિવાદાસ્પદ દબાણ હટાવવા તંત્રએ આજે ભારે જહેમત ઉઠાવી હતી. એક તબક્કે તંગદીલી સર્જાવાની શકયતાનો ભાસ થતો હતો પરંતુ વહીવટી તંત્રએ કુનેહપૂર્વક કામગીરી બજાવી કાચાપાકા તમામ બાંધકામ તથા લારી-ગલ્લાઓ હટાવી દીધા હતા. બસ સ્ટેન્ડની આગળ-પાછળનો તમામ વિસ્તાર ચોખ્ખોચણાક થઈ રહ્યો છે... આમ ગાંધીનગરનું બસ સ્ટેન્ડ હવે સ્વચ્છ અને સ્વસ્થ લાગશે... (તસવીર : કશ્યપ નિમાવત)

## નવા ચાર મંત્રીઓને પ્રભારી મંત્રી તરીકેની જવાબદારી સોંપાશે

ગાંધીનગર, તા. ૨૮

મંત્રીમંડળનું વિસ્તરણ કરીને નવા સમાવેલ ચાર મંત્રીઓને તેમજ સંસદીય સચિવોને જિલ્લાઓની પ્રભારી મંત્રી તરીકે ફાળવણી કરવામાં આવશે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય મંત્રી મંડળના મંત્રીઓની જિલ્લા પ્રભારી મંત્રી તરીકે નિમણુંકો કરીને જિલ્લાઓની ફાળવણી કરવામાં આવી છે.

જો કે તાજેતરમાં જ રાજય સરકારે રાજય મંત્રીમંડળનું વિસ્તરણ કરીને બે કેબીનેટ અને બે રાજયકક્ષાના એમ ચાર મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પાંચ સંસદીય સચિવોની પણ નિમણુંક કરવામાં આવી છે.

મંત્રી મંડળમાં સમાવિષ્ટ નવા ચાર મંત્રીઓ અને સંસદીય સચિવોને પ્રભારી તરીકે નમવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને આગામી એકાદ સપ્તાહમાં ચાર મંત્રીઓની જિલ્લા પ્રભારી મંત્રી તરીકે નિમણુંક કરવામાં આવશે આ ઉપરાંત સંસદીય સચિવોને પણ જિલ્લાના સહપ્રભારી તરીકે જવાબદારી સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત કેટલાક સચિવો પણ કેન્દ્ર સરકારમાં ડેપ્યુટેશન પર જતાં અને કેટલાક વય નિવૃત્ત થતાં કેટલાક જિલ્લાના પ્રભારી સચિવો પણ નિમવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## તલાટી કૌભાંડના પ્રકરણમાં મુદ્દામાલ પરત મેળવવા અરજી

### સ્માર્ટ એકેડેમીના કલ્યાણસિંહ ચંપાવતે રોકડ, મોબાઈલ અને કેશ કાઉન્ટીંગ મશીન મેળવવા વકીલ મારફતે અરજી કરી

ગાંધીનગર, તા. ૨૮

તલાટી કૌભાંડના પ્રકરણમાં સ્માર્ટ એકેડેમીના સંચાલક કલ્યાણસિંહ ચંપાવતે રોકડ રકમ, મોબાઈલ તેમજ કેશ કાઉન્ટીંગ મશીન પરત મેળવવા વકીલ મારફતે ગાંધીનગર કોર્ટમાં અરજી કરી છે. સ્માર્ટ એકેડેમીના ચેરમેન ચંપાવતે રૂ. ૧,૩૦,૬૩,૨૯૦ની રોકડ પરત મેળવવા અરજી દાખલ કરી છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર તલાટી કૌભાંડમાં સંડોવાયેલા સ્માર્ટ એકેડેમીના ચેરમેન કલ્યાણસિંહ મુળસિંહ ચંપાવતે વકીલ ચિંતન ત્રિવેદી મારફતે ગાંધીનગરની ચીફ જ્યુ. મે.જી. કોર્ટમાં રોકડ રકમ મોબાઈલ ફોન તેમજ કેશ કાઉન્ટીંગ મશીન પરત મેળવવા અરજી દાખલ કરી છે. ગત તા. ૧૬ ફેબ્રુઆરી વર્ષ ૨૦૧૪ના રોજ એલ.સી.બી. પોલીસે સ્માર્ટ એકેડમીના સંચાલક ચંપાવતના ઘરે ઝડતી લીધી હતી. આ દરમિયાન ઘરેથી રોકડ રકમ, મોબાઈલ ફોન અને કેશ કાઉન્ટીંગ મશીન સહીતનો મુદ્દામાલ કબજે લીધો હતો. આ મામલે કલ્યાણસિંહ ચંપાવતે વકીલ મારફતે સી.આર.પી.સી.ની કલમ ૪૫૧ મુજબ રૂ. ૧,૩૦,૬૩,૨૯૦, મોબાઈલ ફોન તેમજ કાઉન્ટીંગ મશીન પરત મેળવવા ગાંધીનગરની ચીફ ક્યુ. એ.જી. કોર્ટમાં અરજી કરી છે. એલ.સી.બી. પોલીસને પણ આ મામલે આગામી તા. ૮ ડિસેમ્બર સુધીમાં એલ.સી.બી. પોલીસને અભિપ્રાય આપવા પણ કોર્ટે આદેશ કર્યો છે.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR. FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

તાત્કાલિક જોઈએ છે
ક્વોલિફાઈડ નર્સીંગ કોર્સ કરેલા બ્રધર્સ / સિસ્ટર જોઈએ છે.
ત્રણ દિવસમાં બાયોડેટા મોકલી આપવા વિનંતી.
શ્રદ્ધાદિપ ગ્રીનક્રોસ પેથોલોજી લેબોરેટરી
૩૧૭, સે.૧૬, ઘ-૪, ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

આપના અવસરને ઉત્સવ બનાવો...
અમારે સંગ આપ આપની ઉજવણીને જીવનભર સાચવી શકશો
લગ્ન પ્રસંગ
રીસેપ્શન
સંગીત સંધ્યા
બર્થ-ડે પાર્ટી
એડ-ફિલ્મ
ડોક્યુમેન્ટરી ફિલ્મ
Videography & Photography
મો. ૯૮૨૪૮ ૨૮૧૬૯
Web Designing
Live Video Coverage
vivify
Vision Video Films Production
C-202, 2nd Floor, Swagat Rain Forest-III, KH-Road, Hadmatiya, Gandhinagar.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com